શ્રી ૧|
ૐ
અપેક્ષા કેવળ સત્યને પામવાની.........

# દક્ષ દ્રષ્ટી

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ માસિક
Email : daksh_drasti@rediffmail.com
R.N.I. NO. GUJGUJ/2007/21258
Post.Reg.No : G - KDA - 71 / 07 - 09
DAKSH DRASTI

વર્ષ : ૪ અંક : ૪ સળંગ અંક - ૪૦ તારીખ ૫/૭/૨૦૧૦ સોમવાર જેઠ વદ - ૮ સંવત ૨૦૬૬ કિંમત રૂા.૧૦/- પાન : ૮
Year : 4, No-4, Sr.Vol.No-40 Date : 5/7/2010 Monday Price Rs.10/- Page : 8
**મુદ્રક/પ્રકાશક/તંત્રી :–** મનોજભાઈ બાબુભાઈ જોષી, ૧૧૮-ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજ બજાર, નડીઆદ - ૩૮૭૦૦૧, ફોન : (ઓ) ૦૨૬૮-૨૫૬૪૨૩૨,

## તંત્રી લેખ
## જીવન બંધન

મીત્રો,

સામાજીક, આધ્યાત્મીક, સન્યાસી કે વૈરાગી જીવન જીવતા આપણે સૌ ઈશ્વરે બક્ષેલ ૭૦ કે ૧૦૦ વર્ષના જીવનકાળ દરમ્યાન અનેક બંધનો નિભાવતા રહ્યા છીએ. પછી તે ઈશ્વરની ભક્તિના કે મીત્રતા, વ્યવહારીક અથવા કુટુંબ જીવનના પતિ, પત્ની, પુત્રો અને કુટુંબીઓ આ પ્રત્યેક બંધનને જાળવવા પ્રયત્નશીલ રહેતા આપણે સૌ અપેક્ષાઓ, જરૂરીયાતો અને સામાજીક વ્યવહારો સાચવવા સતત યંત્રવતરીતે પ્રયત્નશીલ રહીએ છીએ.

જીવનના આ અમુલ્ય બંધનોને નિભાવવાના નિષ્ઠા પુર્વકના પ્રયત્નો કરવા છતા ક્યારેક કોઈક ગેરસમજને લીધે આ લાગણીના બંધનો ઢીલા પડે છે અને ક્યારેક તુટી પણ જાય છે. ત્યારે આપણું હૃદય ખુબજ ખિન્ન બની ઈશ્વર સાથે ભકિતના બંધને જોડાવા પ્રેરાય છે. આ સામાજીક જીવનના અસંતોષમાંથી જન્મેલી ઈશ્વર તરફની ભક્તિ અને આધ્યાત્મિકતા અને બાધાઓ, ટેકો કે સંકલ્પો અને શરતો ને આધિન ભક્તિ અપેક્ષાઓ ન સંતોષાતા તે પણ લાંબો સમય ટકતી નથી. અને વળી પાછા એજ સામાજીક નવા બંધનો તરફ આપણે ઢસડાઈએ છીએ. આમ સંપુર્ણ આયુષ્ય દરમ્યાન આપણે સૌ અનેક બંધનોમાં બંધાઈએ છીએ. છુટા પડીએ છીએ અને વળી પાછા બંધાઈએ છીએ. અને જીવનના અંતે અસંતોષ અને અનેક ફરીયાદો સાથે બધી જંજાળમાંથી છુટી મોક્ષ પ્રાપ્તી માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ. આપણે ઘણા વડીલોને એવું કહેતા સાંભળ્યા હશે કે, ભગવાન હવે આ જંજાળ માંથી છોડે તો સારૂ, પણ શું ? સમગ્ર જીવન ની જંજાળો ઈશ્વરે ઉભી કરી હતી ?

ઈશ્વર તો આપણને શ્રેષ્ઠ જીવનના આશિર્વાદ સાથે સામાજીક બંધનો નિભાવી પૂર્ણ સંતોષ સાથે મોક્ષ પ્રાપ્તીના માર્ગે જીવવાનું સુચવે છે. અને મોક્ષ પ્રાપ્તી કરાવતા સાચા બંધનો એ નિસ્વાર્થ બિનશરતી અને પરોપકારની ભાવના સાથેના હોય છે. સમાજના પ્રત્યેક બંધનોમાં જો આ સદગુણો પ્રગટે તો ઈશ્વરને ક્યાંય શોધવાની જરૂર નથી, કે મોક્ષ માટે પ્રાર્થના કરવાની પણ જરૂર નથી. આપણા સબંધો અને બંધનો થકી ઉદભવેલો સંતોષ જ મોક્ષ પ્રાપ્તી સમાન હોય છે. આવા નિસ્વાર્થ બંધનો નો અનુભવ આપણે અનેક વાર કરતા હોઈએ છીએ. જેમકે કોઈ જ સગાઈ કે સબંધ ન હોય ક્યારેય મળ્યા ન હોઈએ એવા વ્યક્તિ

અનુસંધાન પાન (૨) પર

# સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ વિભાગ – ૫ (નરોડા) દ્વારા આયોજીત બીજો સમુહ યજ્ઞોપવિત સમારોહ.



ઉપરોક્ત તસવીરમાં ડાબેથી દક્ષ દ્રષ્ટિના અમદાવાદના પ્રતિનીધી કમલેશભાઈ પંડ્યાનું નું સ્વાગત કરી રહેલ પ્રમુખ શ્રી હરેશભાઈ વ્યાસ બીજી તસવીરમાં લાભાર્થી બટુકો અને અંતમાં સમારંભના અતિથી વિશેષ શ્રીમતી કલ્પનાબેન ભટ્ટનું સ્વાગત કરી રહેલ દક્ષ દ્રષ્ટિના પ્રતિનીધી મનસુખભાઈ ભટ્ટ અને અમદાવાદબ્રહ્મ સમાજના મહામંત્રી ઘનશ્યામભાઈ જાની દ્રષ્ટિગોચર થાય છે.

તા.૨/૬/૨૦૧૦ને બુધવારના રોજ નરોડા વ્યાસવાડી મુકામે બ્રહ્મસમાજ વિભાગ-૫ દ્વારા દ્વિતિય સમુહ યજ્ઞોપવિત સંસ્કાર સંપન્ન થયો. જેમાં ૬ (છ) બટુકોએ સમુહમાં યજ્ઞોપવિત ધારણ કરી દ્વિજ બનેલ આ શુભ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે અમદાવાદ શહેરના ડેપ્યુટીમેયર ડૉ.કલ્પનાબેન ભટ્ટ, અતિથી વિશેષ શ્રી શૈલેષભાઈ ત્રિવેદી (પ્રિન્સીપાલ આનંદ વિદ્યાલય - નરોડા ઉપપ્રમુખ નરોડા બ્રહ્મ સમાજ) સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ શહેરના પ્રમુખ શ્રી ડૉ.આદિત્ય ઉપાધ્યાય ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ઠાકર, મહામંત્રી શ્રી ઘનશ્યામભાઈ જાની, દક્ષ દ્રષ્ટિ પરીવારના અમદાવાદ ના પ્રતિનીધી અને ઓ.સ.બ.બ્રાહ્મણ.વિ.મંડળના માજી પ્રમુખ શ્રી કમલેશભાઈ પંડ્યા દક્ષ દ્રષ્ટિ નડીઆદના પ્રતિનીધી શ્રી મનસુખભાઈ ભટ્ટ, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ વિભાગ-૬ ના પ્રમુખ શ્રી રજનીકાન્ત ભટ્ટ, ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ જાની, મંત્રી શ્રી રાજુભાઈ દવે, સુંદરકાંડ પરીવાર નરોડાના દાદા શ્રી રમણભાઈ જાની વગેરે ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવેલ. ડૉ.કલ્પનાબેન ભટ્ટ પોતાની આગવી શૈલીમાં સમુહ યજ્ઞોપવિત પ્રસંગને અનુરૂપ પ્રવચન આપી હાજર સૌ ભુદેવોને મંત્રમુગ્ધ કરી દીધેલ. શૈલેષભાઈ ત્રિવેદીએ પણ પોતાના વકતવ્યમાં બ્રાહ્મણ સંગઠનોને મજબુત બનાવવા અને મતમતાંતરો ભુલી એક બની આવા પ્રસંગો યોજવા અનુરોધ કરેલ. દક્ષ દ્રષ્ટિ પરીવારના પ્રતિનીધી શ્રી કમલેશભાઈ પંડ્યા એ પણ બ્રાહ્મણ સમાજના યોજાતા આવા પ્રસંગોમાં એક બની યથાશક્તિ ભેટ આપી દાન આપી સમુહમાં સહભાગી બનવા અનુરોધ કર્યો. બટુકો વગેરે ને પ્રોત્સાહીત કરી આવા પ્રસંગોમાં વધુમાં વધુ લોકો ઉત્સાહી બની સહભાગી બને તેમ કરવા સંગઠનોના હોદ્દેદારોના સભ્યોને સક્રિય બની આવા પ્રસંગો ઉજવવા જણાવ્યું. સંસ્થાના હોદ્દેદારો પ્રમુખ શ્રી પરેશભાઈ વ્યાસ, મંત્રી શ્રી ઉમાકાન્ત રાવલ, ખજાનચી શ્રી જગદીશભાઈ દવે, કન્વીનર શ્રી ગજેન્દ્રભાઈ રાવલ, સહકન્વીનર શ્રી અજીતભાઈ ઉપાધ્યાય અને શ્રી રમેશભાઈ ઠાકરે આમંત્રીત સૌ મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માન કરેલ. આજના પ્રસંગ નિમિત્તે રૂા.૫૦૦૧/- દાન આપનાર દાતાશ્રીઓ શ્રી ઘનશ્યામભાઈ જાની, શ્રી જગદીશભાઈ દવે, શ્રી દિપકભાઈ દવે, શ્રી રમેશભાઈ ઠાકર, શ્રી અજીતભાઈ ઉપાધ્યાય વિગેરેનું પણ સંસ્થા દ્વારા પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવેલ.

સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત ના મહામંત્રી શ્રી ઘનશ્યામભાઈ જાની એ હાજર સૌ આમંત્રીતો, સમુહમાં દાન આપનાર સૌ દાતાઓ, બટુકોને ભેટ આપનાર દાતાઓ અને ગ્રહશાંતિના યજમાન શ્રી અલ્પેશભાઈ જાની પરીવારનો આજના સમુહ પ્રસંગમાં સહભાગી બનનાર સૌ બટુકોના પરીવારજનોનો સંસ્થા વતી આભાર વ્યક્ત કરી ભાવિમાં આનાથી વિશેષ બટુકો સહભાગી બને તેમ જણાવી અંતમાં આજના પ્રસંગને સારી રીતે ઉજવવા બદલ સંસ્થાના સૌ હોદ્દેદારો કમીટી સભ્યો, વ્યવસ્થાપક કમીટી સભ્યો, અને પ્રસંગના આચાર્યશ્રી વગેરેનો આભાર વ્યક્ત કરી પ્રસંગની પૂર્ણાહુતિ કરેલ અંતે સૌ ભોજન લઈ છુટા પડેલ.

**– મનસુખભાઈ ભટ્ટ(નડીઆદ)**

# સંમેલન સ્થળમાં ફેરફાર કરવામાં આવેલ છે.

**દક્ષ દ્રષ્ટિ પરીવાર આયોજીત જીવનસાથી પસંદગી સંમેલનના આયોજન સ્થળમાં વર્ષાઋતુને કારણે ફેરફાર કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા વિનંતી.**

**તા. ૧૮/૭/૨૦૧૦ને રવિવારના રોજ સવારે ૯–૦૦ કલાકે**

**: સંમેલન સ્થળ :**
**મંગલમ હોલ શિતલ સિનેમા સામે, ડાકોર રોડ, નડીઆદ.**

## ।। શ્રી ગણેશાય નમઃ ।।

## માસિક રાશી ભવિષ્ય

### (તા.૧/૭/૧૦ થી ૩૧/૭/૧૦)

(૧) મેષ રાશિ : (અ.લ.ઇ.)

આપની સર્જનાત્મક પ્રવૃત્તિનું શુભ ફળ આ સમયમાં પ્રાપ્ત થશે. માનસિક શાંતિ અનુભવી શકશો. મહત્વના નિર્ણયથી લાભ, અંગત મુંઝવણ દૂર થાય. ખર્ચ વધે કોર્ટ કચેરી વિવાદના કામકાજો ગુંચવાય. પત્નીનો સહકાર મળે નોકરીયાતને સરળતા અને સાનુકુળતાનો અનુભવ મળે.

(૨) વૃષભ રાશિ : (બ.વ.ઉ.)

આપના અવ્યવસ્થિત કામકાજો સુવ્યવસ્થિત બનશે. આ સમયમાં આપને કોઇ સારી તક પ્રાપ્ત થાય. દરેક રીતે તમારા પુરૂષાર્થનું ફળ જોવા મળશે. કૌટુંબીક અશાંતિ વધશે, આરોગ્ય જળવાઇ રહેશે.

(૩) મિથુન રાશિ : (ક.છ.ઘ.)

તમારા હાથ ધરેલ ધંધાકીય કે નોકરીના કામકાજો માં અવરોધ આવતા અટકશે. પરીણામે નાણા વેડફાતા જોવા મળે, વિરોધીની ખટપટ સામે જાગૃત રહેવાનું નવીન કાર્ય માટે આ સામય સાનુકુળ તેમજ સફળ નીવડે આરોગ્ય બગડે નહિ તેની કાળજી રાખવી.

(૪) કર્ક રાશિ : (ડ.હ.)

મુશ્કેલીમાંથી બહાર આવી શકશો. માનસિક શાંતિ રાહત મળે, આવક વધે, નવા કામકાજમાં સફળતા મળે દરેક રીતે સમય સાનુકુળ છે. મકાન - મિલ્કત અંગેના પ્રશ્નો અંગે શુભ પ્રસંગ બને. નોકરી -ધંધામાં પ્રગતિકારક સમય માનવો.

(૫) સિંહ રાશિ : (મ.ટ.)

આ સમયમાં ઉતાવળા પગલા ન ભરવા સલાહ છે. ધાર્યા લાભ મળે નહિ. ગણતરી પૂર્વક ચાલવાની સલાહ છે. નોકરીયાતો પોતાના અંગત પ્રશ્નો ઉકેલી શકશે. ધંધા વ્યાપારની બાબતમાં મૂંઝવણ ચાલુ રહે સંતાન, પત્ની, કોર્ટ કચેરી બાબતે તકલીફમાંથી પસાર થવું પડે.

(૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)

આ સમય દરમ્યાન તમારા મનની મૂંઝવણ દૂર થાય. અશાંતિનું વાદળ કટતુ જણાય. આર્થિક દ્રષ્ટિએ રાહત મળતી જણાય. અટવાયેલા લાભ મળે. નોકરીયાતને પ્રગતિ અને આગળ વધવાની તક મળે ધંધાક્ષેત્રે સાનુકુળતા વધે મહત્વના કોલ કરારો થઇ શકે. દાંપત્ય તેમજ કૌટુંબીક ક્ષેત્રે સંજોગો મિશ્રરહે, આરોગ્ય ની ચિંતા રહે.

(૭) તુલા રાશિ : (ર.ત.)

આ સમયમાં તમારે તમારી આર્થિક બાબતો તરફ લક્ષ આપવું પડશે. કારણ નાણાભીડ - ખર્ચના કારણે નવા કાર્યને આગળ વધારવાની મુશ્કેલી જણાશે. નોકરીયાતને શાંતિ જાળવવી નહીતો વધુ વિવાદમાં ઉતરવું પડે સંતાનોથી સારુ રહેશે.

(૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)

આપની મનોકામના પૂર્ણ થતી જણાય. અશાંતિ દૂર થાય. સારી તક આવી પડે. નાણાકીય લાભ થોડો છે. નોકરીયાતને આડે આવતા અવરોધો દૂર થાય. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિકારક સંજોગો ઉભા થાય, સ્થાવર જંગમ મિલ્કત અંગે ચિંતા અંતરાય ના કારણે મુશ્કેલી જણાય. ગૃહજીવનમાં સંવાદિતા રહેશે. જીવનસાથી ની મદદ મળે. સંતાનોની તબિયત સુધરશે.

(૯) ધન રાશિ : (ભ.ધ.દ.ઢ.)

આ સમયમાં તમારા ધંધા વ્યાપાર ના નવા કામકાજો કે નવા સાહસ સંભાળ પૂર્વક કરજો. ધાર્યા પરીણામો ન મળે કેટલાક અવરોધો વધતા જશે. નોકરીયાતને ઉપાધી, માનસિક તાણ વધે.

(૧૦) મકર રાશિ : (જ.ખ.)

આ સમયમાં માનસિક તાણ હળવી બને સારા પ્રસંગો પણ માનસિક રીતે રાહત આપશે તમારી નાણાકીય પરિસ્થિતિ મુંઝવણરૂપ બને. નહી તમારી આવક વધવાના ચાન્સ નહિવત છે. મકાન જમીનને લગતી બાબતો માટે ગૃહ પરિસ્થિતિ સાનુકુળ બને. સંવાદિતા સહકારનું વાતાવરણ સર્જી શકશો. આરોગ્ય સાચવશો.

(૧૧) કુંભ રાશિ : (ગ.સ.શ.ષ.)

આ સમય દરમ્યાન કાર્ય સફળતાના યોગ ઉત્સાહ વર્ધક બને. આશા ફળદાયી નીવડે નાણાંકીય મુશ્કેલીમાંથી માર્ગ મળે. મિત્રોની સહાય ઉપયોગી નીવડે જમીન, મકાનના પ્રશ્નોના હલ મળે, નોકરીયાતને જણાતા અંતરાય ધીમે ધીમે દૂર થાય. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ અને લાભની તક વધશે. દાંપત્ય જીવનમાં સર્જાયેલ વિવાદ શમી જાય સંતાનના આરોગ્યની કાળજી લેવી.

(૧૨) મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)

આપનો માર્ગ સફળ બનશે. સફળતાઓ આવી મળે મકાન જમીનની લે-વેચના કાર્યોમાં પ્રયત્નો સફળ નીવડશે. નોકરી ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ સુધરશે. વિરોધી પર વિજય મળે આરોગ્ય સાચવવું. દાંપત્ય જીવનમાં સહકાર આનંદ નું વાતાવરણ રહે. સંતાનોની તબિયત બગડે.

લેખક : ઠાકોરપ્રસાદ શરદકાંત મહેતા (ચાંગા)
વધુ માહિતી માટે સંપર્ક :- ૯૯૨૫૧૦૩૯૪૦

## ખબર હશે તો ખપ લાગશે.

### પગરખાની સંભાળ

✶ બુટ ડંખતા હોય તો રાત્રીના બટાકુ કાપી બુટમાં મૂકવાથી ચામડુ ઢીલુ થશે.

✶ જૂતાને થોડા ચમકદાર બનાવવા માટે તેના પર થોડુ પેટ્રોલ નાખી બ્રશ ઘસો.

✶ કેનવાસના સફેદ બુટ પર ચોકનો ટુકડો ઘસવાથી બુટની સફેદાઇ વધશે.

✶ પગરખા સખત થઇ ગયા હોય તો જૈતુન તેલના ટીપા નાખી પોલીસ કરો.

✶ ચોમાસામાં કેનવાસના બુટ ભીના થઇ ગયા હોય તો તેને સૂકવવા હેરડ્રાયરનો ઉપયોગ કરવો.

✶ જૂતા પર લીંબુની છાલ ઘસીને થોડીવાર તડકામાં રાખી પોલીસ કરવાથી જૂતા ચમકી ઉઠશે.

✶ ટેનીશના જૂતા પહેરતા પહેલા સ્ટાર્ચનો છંટકાવ કરવાથી તેના કેનવાસ પર ધૂળ જામશે નહિ અને સરળતાથી ધોઇ શકાશે.

✶ ભીનો સાબુ જૂતાના તળીયે એટલે કે એડી પર ઘસવાથી જૂતા નરમ થશે.

✶ પગરખાને ભેજવાળા અને અંધારામાં રાખવાથી ચામડુ સુકાશે નહિ.

✶ ચામડાના નવા બૂટ ડંખતા હોય તો બૂટ પર પાણીના ટીપા નાખવા. ચામડુ પાણી શોષી લે પછી પહેરવાથી નડશે નહિ.

✶ પગરખા પર સરસવનું તેલ લગાડી ચાર-પાંચ કલાક તાપમાં રાખવાથી ચામડુ મુલાયમ થઇ જશે અને ડંખશે નહિ.

✶ બુટની વાસ દૂર કરવા કપડાની એક થેલીમાં બેકીંગ સોડાની લુગદી બનાવી બુટમાં આખી રાત રાખો વાસ દૂર થશે.

✶ જૂતામાંથી ચર ચર અવાજ આવતો હોય તો ટર્પેન્ટાઇનનું થોડુ તેલ રગડવું કે તળીયું નમક મેળવેલ પાણીમાં ભીજવી તલના તેલમાં ડુબાડો.

✶ પાણીમાં ભીંજાવેલ જૂતા કપડાથી લુછી કાગળ ઠોંસીને ભરવાથી ભીનાશ શોષી લેશે.

✶ મુલાયમ કપડા પર આફ્ટર શેવલોશન નાખી તેનાથી જૂતા સાફ કરવાથી ચકચકિત થશે.

✶ પગરખા પર સળ પડે તો વારંવાર એરંડીયુ લગાવવું.

✶ નવા જૂતા ડંખતા હોય તો પગ ભીના કરી ૩ કલાક પહેરી રાખો પછી ડંખશે નહિ કે ડંખતા સ્થાને વેસેલીન કે ગ્લીસરીન લગાડો.

✶ જૂતા પર કોઇ કોઇ વખત ઇંડાની સફેદી લગાડવાથી જૂતા મજબૂત થશે.

– કનુભાઇ નાયબ મામલતદાર
રમેશભાઇ આહિર.

### તંત્રી લેખ અનુસંધાન પાન (૧) નું ચાલુ......

આપણા માટે એટલુ બધુ કરી છુટે છે જે કદાચ નજીકના કે પોતાના વ્યક્તિઓ ન કરી શકે અને ત્યારે આપણે અજાણતાજ સ્વીકારીએ છીએ કે, આ વ્યક્તિ મારા માટે ઇશ્વર સમાન છે.

મીત્રો, ઇશ્વરત્વ આપણા સૌમાં રહેલું છે. જરૂર છે માત્ર તેને પ્રગટાવવાની કોઇક કોઇક તેને પ્રગટાવી જાણે છે અને સમાજ તેને નર નહિ પણ નારાયણ સ્વરૂપે નિહાળે છે. જ્યારે અન્ય સ્વાર્થ અને અપેક્ષાઓ ની જંજાળમાં અટવાયા કરે છે. આપણે સૌ નરમાંથી નારાયણ તરફના આપણા આ જીવન પ્રવાસ માં પરોપકાર નિસ્વાર્થ સેવા અને ભક્તિના માર્ગે આગળ વધીએ તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

–આપનો જ્ઞાતિ બંધુ
મનોજ જોષી

## શ્રી મનહર ચોકસીનું સન્માન



સંતરામ એજ્યુકેશન ટ્રસ્ટ (મહેમદાવાદ) તથા ગાયત્રી કેળવણી મંડળ (મરીડા) સંચાલિત સરદાર વલ્લભભાઇ પટેલ સ્મૃતિ સેવા ફાઉન્ડેશન નડીઆદના ઉપક્રમે નડીઆદના સિનીયર પ્રેસ ફોટોગ્રાફર શ્રી મનહર ચોકસી ને ગુર્જરી એવોર્ડ તથા સન્માનપત્ર અર્પણ કરતા નડીઆદ પશ્ચિમ નાગરીક સમિતિના પ્રમુખ શ્રી પ્રમોદભાઇ ભટ્ટ, મંત્રી શ્રી આઇ.સી.પટેલ, સ્થાપક પ્રમુખ શ્રી નરેન્દ્રભાઇ નકુમ તથા સંસ્થાના પ્રમુખ શ્રી ચંદુભાઇ એફ.શર્મા દ્રષ્ટિગોચર થાય છે.



અપંગ પરીવાર નડીઆદ દ્વારા લાયન્સ અને લાયોનેસ કલબ નટપુર નડીઆદના શપથવિધી સમારંભમાં ભારતીબેન શાહ (અમેરીકા) તરફથી વિકલાંગ ભાઇને ટ્રાયસિકલ અર્પણ કરતા શપથવિધી અધિકારી લાયન દિલીપભાઇ પરીખ ચિત્રમાં અપંગ પરીવારના કુ.સિપ્પા ચોકસી, મહેબુબભાઇ વહોરા, લાયન લાયોનેસ કલબના પ્રમુખ મંત્રી, મુખ્ય મહેમાનો ડાૅ.એમ.સી.પટેલ અને કમલેશભાઇ શાહ વિગેરે દ્રષ્ટિગોચર થાય છે.

## અવસાન નોંધ

ભરતભાઇ નરહરીપ્રસાદ ત્રિવેદીનું તા.૩૦-૫-૧૦ના રોજ ૬૦ વર્ષની વયે નડીઆદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

મુંબઇ નિવાસી નલીનકુમાર રેવાશંકર પાઠકનું તા.૧/૬/૧૦ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

નડીઆદ નિવાસી જ્યોતિકાબેન અશોકકુમાર ગોરનું તા.૨૭/૫/૧૦ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

અમદાવાદ નિવાસી ધર્મેશભાઇ બાલકૃષ્ણ પંડ્યાનું તા.૧૦/૬/૧૦ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે અને સદ્દગતના કુટુંબીજનોને અકાળ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી "દક્ષ દ્રષ્ટિ" પરીવાર તરફથી પ્રભુને પ્રાર્થના.

# ઉના સમસ્ત બ્રહ્મ સમાજ આયોજીત ૨૦મો સમુહ લગ્ન તથા યજ્ઞોપવિત કાર્યક્રમ સંપન્ન થયો.

વૈશાખવદ ૩ ને રવિવાર તા.૩૦/૫/૨૦૧૦ના રોજ ઉના સમસ્ત બ્રહ્મ સમાજ આયોજીત ૨૦મો સમુહ લગ્ન અને યજ્ઞોપવિત કાર્યક્રમ શ્રી બ્રહ્મ સમાજની વાડી, ટાવર ચોક, ઉના માં નિર્વિઘ્ને સંપન્ન થયો.

ઉપરોક્ત પ્રસંગમાં ૧૫ નવયુગલો લગ્ન ગ્રંથીથી જોડાયા અને ૬ બટુકોને યજ્ઞોપવિત સંસ્કારથી વિભૂષિત કરવામાં આવ્યા. અને બ્રહ્મ દાતાઓ તરફથી દરેક વર-કન્યા અને બટુકોને ભેટ સોગાદો અર્પણ કરવામાં આવી હતી.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંસ્થાના સૌ હોદ્દેદારો દ્વારા "દક્ષ દ્રષ્ટિ" પરીવારના શ્રી રમેશભાઇ રાવલે હાજર રહી ખુબજ સક્રિય પણે રસ લઇ વર-કન્યા ને ઉપયોગી ૭૫ વસ્તુઓ તથા બટુકોને ૩૬ વસ્તુઓ અર્પણ કરવામાં અને દાતાઓ તરફથી પ્રાપ્ત કરવામાં ખૂબજ મહત્વનું યોગદાન આપ્યું હતું.

આયોજનના અંતમાં સૌ બ્રહ્મ જ્ઞાતીબંધુઓએ સમુહમાં ભોજન લઇ સાંજે સૌ છુટા પડ્યા હતા.

**–દક્ષ દ્રષ્ટિ**

# ગાયત્રી જપ યજ્ઞનું સુંદર આયોજન



**પ્રથમ તસવીરમાં માં ગાયત્રી સાથે મંડળના આધ્યસ્થાપક બાલુભાઇ વ્યાસ, બીજી તસવીરમાં આચાર્ય શ્રી યજમાનશ્રી નો પરીવાર તથા ગાયત્રી ઉપાસકો અને ત્રીજી તસવીરમાં દક્ષ દ્રષ્ટિના સહતંત્રી શ્રી બાબુભાઇ જોષી અને મંડળના મહામંત્રી પ્રવિણભાઇ પંડ્યા દ્રષ્ટિગોચર થાય છે.**

નડીઆદમાં ગાયત્રી જપ યજ્ઞ હોમાત્મક થયો. જેમાં ૫૭ બ્રાહ્મણોએ એકલાખ એકાવન હજાર ગાયત્રી મંત્ર જપ કરી માં ગાયત્રીને અર્પણ કર્યા.

ગાયત્રી જપ યજ્ઞ મંડળ પ્રધાન કેન્દ્ર વસો દ્વારા વિશ્વકલ્યાણ અને શાંતિ માટે નિશ્વાર્થ ભાવે ગાયત્રી આયોજનો થાય છે. આજે મંડળનું ૬૨૦મું હોમાત્મક આયોજન સ્વ.રવિશંકર માણેકલાલ ઠાકર મહેમદાવાદ, જેઓ મંડળના આજીવન ભુતપૂર્વ સભ્ય અને શ્રેષ્ઠ ગાયત્રી ઉપાસક હતા. તેમના સુપુત્ર રાજેન્દ્રકુમાર રવિશંકર ઠાકર નડીઆદે સપત્નિક યજમાન પદે તા.૧૩/૬/૧૦ને રવિવારે ૩, ગોકુલભામ સોસાયટી, પીજરોડ નડીઆદ ખાતે સારી રીતે સંપન્ન થયુ. તેમના પુત્રો-પૌત્રો અને પરિવારના તમામ સભ્યોએ ઉત્સાહ, ઉમંગ અને ભક્તિ પૂર્વક ભાગ લીધો. મંડળના ૫૭ ગાયત્રી ઉપાસકોએ એક લાખ એકાવન હજાર ગાયત્રી મંત્ર જપ કર્યા. તેમજ સમુહમાં મહિમ્નઃ સ્તોત્ર, પુરૂસુક્ત, શ્રી સુક્ત, હનુમાનચાલીસા, દત્તબાવનીના પાઠ અને સમુહ ધ્યાનનો સફળ પ્રયોગ કર્યો. આ પ્રસંગે સ્વ.રવિશંકર, સ્વ.કુસુમબેન,સ્વ.કોકીલાબેન, સ્વ.મનોરંજનભાઇ, સ્વ.ભરતભાઇ, સ્વ.દેવીલાબેન, સ્વ.નલીનભાઇ, વિગેરેને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

દક્ષ દ્રષ્ટિના સહતંત્રી શ્રી બાબુભાઇ જોષી અને ઓફીસ ઇન્ચાર્જ શ્રી દુષ્યંતભાઇ એ આયોજનમાં ખાસ ઉપસ્થિત રહી દરેક ઉપાસકને દક્ષ દ્રષ્ટિનો અંક ભેટ આપ્યો. અને તા.૧૮/૭/૧૦ ના રોજ સંતરામ મંદિર નડીઆદ ખાતે દક્ષ દ્રષ્ટિ આયોજીત બ્રાહ્મણ જીવનસાથી પસંદગી સંમેલન ની સવિસ્તાર વિગતો જણાવી. દરેકને તેમાં ભાગ લેવા અનુરોધ કર્યો.

બપોરની સત્સંગ સભામાં મંડળના વાર્ષિક હિસાબ ૨૦૦૯-૧૦નો રજુ કરી વંચાણે લીધો. તેને સર્વઉપાસકોએ બહાલી આપી. મંડળના પ્રમુખ અને આચાર્યશ્રીએ પ્રાર્થના કરી યજમાનને ગાયત્રી પુજનવીધી પુસ્તક અને ષટસતાબ્દી સ્મરણિકા અંક સપ્રેમ ભેટ આપ્યો. યજમાનના પરીવારજનો તરફથી શ્રી રાજેન્દ્રભાઇ ઠાકરને શાલ ઓઢાડી ગણપતિની મુર્તિ તથા બાજટની ભેટ આપી બહુમાન કર્યું. આયોજનના પ્રેરક શ્રી હર્ષદભાઇ દવે અને યજમાનશ્રીનું ભાવભર્યુ મિલન થયુ. આવેલ દર્શનાર્થીઓ અને મહેમાનોના ચહેરા ઉપર ખુશી અને શ્રધ્ધાભકિતના ભાવ સાથે પૂર્ણાહુતિ, આરતી અને પ્રસાદ વહેચણી થઇ. બ્રાહ્મણ ધર્મ, કર્મ, તપ અને ત્યાગનો સમન્વય જોવા મળ્યો. યજમાન તરફથી દરેક ઉપાસકને તાંબાની ગાયત્રી મંત્રવાળી ડીસ અને દક્ષિણા આપી સન્માન કરવામાં આવ્યું. શ્રી પ્રવિણભાઇ પંડ્યા મહામંત્રીએ સમગ્ર વ્યવસ્થા ગોઠવી સત્સંગ સભાનું સંચાલન કરી મંડળની કાર્યવાહીની રૂપરેખા આપી. પ્રમુખશ્રીના પ્રવચન બાદ આભારવિધી કરી ઉપાસના યોગ્ય મંડપ અને ઠંડકવાળી વ્યવસ્થા સારી હોવાથી શાંતિથી વધુ જપ થઇ શક્યા તેની નોંધ લેવામાં આવી.

યજમાન તરફથી સવારે અને બપોરે ચા-કોફી ફળાહાર અને સાંજે પાકુ બ્રહ્મ ભોજન આપવામાં આવ્યું. સમયસર આયોજન ની પૂજાવિધી શરૂ થઇ અને સાંજે ૫-૩૦ કલાકે સમયસર આનંદપૂર્વક પૂર્ણ થયુ. દર્શનાર્થીઓ અને ભક્તજનોની વિશાળ મેદનીએ આ ધર્મકાર્યના દર્શનનો લાભ લીધો, યથાશક્તિ મંડળને ભેટ લખાવી. માં ગાયત્રી સૌનું કલ્યાણ કરો.

**– પ્રવિણભાઇ પંડ્યા**
**(નડીઆદ)**

## જનોઈ નું મહત્વ

બ્રાહ્મણોના બ્રહ્મત્વના યજ્ઞોપવિત સંસ્કાર વડે સમાજ જાગૃત થયો છે. સંસ્કાર સિંચનથી માણસમાં દિવ્ય ગુણો ઉમેરાય છે. જનોઇ એટલે બીજો જન્મ. જેનો પ્રથમ અક્ષર (જ)જન્મ અને અંતિમ અક્ષર (ઇ) ઇશ્વરનું સુચક છે. જનોઇ ધારણ કરનાર બ્રાહ્મણ દ્વિજ બને, વેદાધ્યયન કરવાનો અધિકારી વિપ્ર બને ત્યારે બ્રહ્મત્વ પ્રગટ થાય છે. તેથી બ્રાહ્મણ ભૂદેવ કહેવાય છે. જે ઇશ્વરની સાથે અને ઇશ્વર સ્વરૂપ થઇ જાય છે. ત્યારે સાચો બ્રાહ્મણ બને છે. જેના તપ-તેજ-કર્મ અને આચરણથી સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં અમુલ્ય યોગદાન થતુ રહે છે.

# સંક્ષિપ્ત સમાચાર

(૧) રાજકોટમાં બ્રહ્મ લૉયર્સ એસોસીએશનની સ્થાપના થઇ.

(૨) રાજકોટમાં પરશુરામ જયંતિ ધામધુમથી ઉજવવામાં આવી.

(૩) તલાલા, જામખંભાળીયા, વાંકાનેરમાં પરશુરામ જયંતિ નિમિત્તે શોભાયાત્રા, સમુહ ભોજનના કાર્યક્રમો થયા.

(૪) ગોંડલ બ્રાહ્મસમાજના અગ્રણી શ્રી અશ્વિનભાઇ ભટ્ટ માજી તાલુકા વિકાસ અધિકારી નું વાહન અકસ્માતમાં અવસાન થયું.

(૫) નડીઆદના સાહિત્યકાર હરિશ ઠાકરને ૭૭ વર્ષની વયે યુવાધનને શરમાવે તેવી ધગશથી વિવિધ પ્રવૃત્તિઓ કરતા માત્ર વીસ દિવસના ગાળામાં પાંચ એવોર્ડથી સન્માનિત કર્યા છે.

(૬) ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં વીર નર્મદે રચેલ કવિતા, જય જય ગરવી ગુજરાત ગુજરાતી સુગમ સંગીત પહેલી વખત ત્રણ પેઢીના કલાકારો દ્વારા ગુંજતુ રહ્યું.

(૭) કોઠારીયા શાળાના વસુમતિબેન આચાર્યને શ્રેષ્ઠ પારિતોષીક અર્પણ કરી બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે.

(૮) મહાગુજરાત આંદોલનમાં બ્રાહ્મણ શહિદોનું સ્વર્ણિમ ગુજરાતમાં સન્માન થયું.

(૯) આણંદના સિનિયર સીટીઝન શ્રી સુમનભાઇ ગોરનું નડીઆદ આયોજીત સરદાર વલ્લભભાઇ પટેલ, સ્મૃતિ સેવા ગુર્જરી એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું.

(૧૦) ખેડા જીલ્લામાં બ્રહ્મ સમાજના હોદ્દેદારો વરાયા જેમાં બ્રહ્મ રક્ષક સમિતિના સભ્યપદે મૌલેશભાઇ મહેતા નિમાયા.

(૧૧) મુક સેવક સ્વ. બબલભાઇ મહેતા જન્મ શતાબ્દી મહોત્સવ રાષ્ટ્રિય શાળા પ્રાંગણ- રાજકોટમાં ઉજવાયો.

(૧૨) ભાવનગર અને હળવદમાં બ્રાહ્મણો માટે લગ્નમેળો અને જીવનસાથી પસંદગી મેળાનું જુન - ૨૦૧૦માં આયોજન ઉજવાઇ ગયુ.

(૧૩) સંતરામ મંદિર નડીઆદ ખાતે શ્રી લક્ષ્મણદાસ મહારાજની પુણ્યતીથી નિમિત્તે બ્રાહ્મણો દ્વારા વિષ્ણુ સહસ્ત્ર પાઠ અને ભક્તો દ્વારા સુંદરકાંડના પાઠ વિશાળ મેદની વચ્ચે ઉજવાઇ ગયો.

**– "દક્ષ દ્રષ્ટિ" પરિવાર**

## શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ વિરસદ દ્વારા ઈનામ વિતરણ.

તા.૧૬/૬/૧૦ના રોજ શ્રી રણછોડરાયજીના મંદિરમાં મૃદુલાબેન ભટ્ટના પ્રમુખ સ્થાને શૈક્ષણીક ચીજવસ્તુઓની વહેચણી તથા વિશિષ્ટ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો જેમાં મુખ્ય યજમાન શ્રી રામકૃષ્ટ ભટ્ટ તથા અતિથી વિશેષ તરીકે શ્રીમતી ગીતાબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન હર્ષદભાઇ ઉપાધ્યાયે કર્યું. આભાર દર્શન કમલેશભાઇ એમ. પંડ્યા એ કર્યું. અલ્પાહાર નું સુંદર આયોજન શ્રી અભિષેક કે. કશ્યપ દવારા કરવામાં આવ્યું.

## કૈલાસ માનસરોવર યાત્રા

અડપોદરાના વતની અને અમદાવાદ સ્થાયી થયેલ શ્રી દિપકભાઇ મનુભાઇ પંડ્યા અને સૌ. સ્નેહા દિપકભાઇ પંડ્યા તા.૩/૬/૨૦૧૦ના રોજ તેમજ શ્રી ધીરિન હરિપ્રસાદ પંડ્યા અને સૌ.મીના ધીરિન પંડ્યા તા.૯/૬/૨૦૧૦ના રોજ કૈલાસ માનસરોવરની યાત્રાએ ગયેલ છે. ભોળાનાથ તેમની આ યાત્રા સુખદ પૂર્ણ કરે તેવી અભ્યર્થના.

**– કમલેશભાઇ એમ.પંડ્યા**

# વૃત્તિ, વલણ, લાગણી, માંગણી

સમાજમાં સ્ત્રીથી શકિત, સર્જન અને વિસર્જન સતત થાય છે. તે તેનો સ્વાભાવિક ગુણ છે. નારી જાતિ દ્વારા સૃષ્ટિ અને જગતની ગતિવિધી અવિરત ચાલુ જ રહે છે. તેનું કારણ જન્મજાત પ્રકૃતિ અને સ્વભાવ છે. નારીનું મુલ્ય અમુલ્ય છે. તેમ છતા નારી માં દોષ ન હોય તેમ માનવાને કારણ નથી. આપણે સૌ કોઈ જાણીએ છીએ કે નારી ખરીદી કરવામાં ભાવતાલ કરશે. સારા ખોટાનો તોલ અને તોડ કરશે. ઓછા વત્તાનો લાભાલાભ વિચાર કરશે તે તેમની સહજ સ્વભાવગત વૃતિ હોય છે. તેવું જ સામાજીક વ્યવહારોમાં પોતાનું પારકુ ગણવામાનં સમાજમાં અને વ્યવહારમાં જે વલણ નારી અપનાવે છે તેમાં સમાનતાને સ્થાને વહાલા દવલા સબંધો સ્પષ્ટ તરી આવે છે. સાસરી-પિયરના સબંધોનો ભેદ પરખાઈ જાય છે. જોકે આજના શિક્ષિત નારી જગતમાં તેનું વલણ નરમ અને માનતા તરફ ઢળી રહેલ જોવા મળે છે. એવું કહેવાય છે કે નારી એ લાગણી અને માંગણીનો દરીયો છે. જે અખુટ અને અનંત હોવા છતા જ્ઞાની અને વિરક્તોને માટે ખારો જ સાબિત થયેલ છે. નારી વિષય, વાસના, લાગણીઓ અને માંગણીઓની બાબતમાં નક્કર અને સધ્ધર છે. તેથી બાળહઠ, જોગી હઠ, રાજ હઠ,અને સ્ત્રી હઠનો જગતમાં જોટો જડવો મુશ્કેલ છે.નારી મોહ ઉપજાવે છે. મોહમાં અનેકને ફસાવે છે. તો મોહમાંથી મુક્તિ અપાવનારી પણ નારી જ છે. નારીના નામ અને ગુણમાં ભિન્નતા પણ છે અને પ્રેમ પણ છે. સમાજ જેનો સહજ સ્વિકાર કરે છે તે બધુ પણ નારીના વ્યક્તિત્વમાંથી જ આવે છે. નારી હૃદય પ્રેમ, વાત્સલ્ય, દયા અને કરૂણાથી ભરેલ હોવા છતા પોતાની લાગણીઓ માંગણીઓ ઓળખવા સમાજમાં અક્કડ અને મક્કમ પણ રહી શકે છે. સંયમમાં શ્રેષ્ઠ સાબિત થઇ શકે છે.

પોતાનો ગુસ્સો બને બીજા ઉપરનો ગુસ્સો સમજીને કે અણસમજણમાં ઠાલવી શકે છે. વ્યક્ત કરે છે. તો નિરાશાઓમાં આશા પણ જન્માવી શકે છે. પુખ્તવયે નારી લોકોની લાગણીઓ, માંગણીઓ અને તેની ઉત્કટતા ની સાચી સમજણ સમજી શકે છે અને અન્યને સમજાવી શકે છે. હૃદય અને મનને સમતોલ રાખવા સ્વસ્થ અને સધ્ધરતા સહજમાં પ્રાપ્ત કરી શકે છે. તો પણ આવેશ અને આવેગમાં ક્યારેક અઘટિત ઘટનાઓનું નિમિત નારી જ બને છે. નારી સામાની લાગણીઓનું માપ નક્કી કરે છે. પોતાની લાગણીઓને વશમાં રાખે છે. સફળ નારી લાગણીઓના છુપા સંદેશાઓનો યોગ્ય પ્રતિભાવ પણ આપે છે.

## નારી દ્રષ્ટી

આજના આધુનિક જીવન વ્યવહારમાં વિધ્યા, વિજ્ઞાન, કળા અને શિક્ષણનો વ્યાપ વધ્યો છે તેનો લાભ નારી જગતને પણ મળી રહેલ છે તેમાં ભાવનાત્મક લાગણીઓનું મુડી રોકાણ સંસ્કારી નારી સારી રીતે કરી જાણે છે. નારી શિક્ષણ સંસ્કાર અને સધ્ધરતાની બાબતે હવે સ્થિર થઇ રહેલ છે. પરાવલંબી કે પરતંત્ર જીવનને બદલે સ્વાવલંબી જીવન જીવતી થઇ હોવા છતા સ્ત્રી માટે કહેવાય છે કે તેને પુરૂષ સાથે જીવનજીવવાનું મુશ્કેલ બને છે તો પણ તે પુરૂષના સહવાસ વિના જીવી શકતી નથી. જયારે પુરૂષને પ્રેરણા આપનાર સહાયક જીવનસાથી સ્ત્રીને જ ગણવામાં આવે છે. તેના વિના પુરૂષનું જીવન પણ અધુરૂ અને અધરૂ પણ બની રહે છે. માનવ જીવનમાં અને સૃષ્ટિ સંચાલનમાં સ્ત્રી, પુરૂષ એક બીજાના પુરક છે તેમાં શુધ્ધ અને પવિત્ર વૃત્તિઓ સારા વ્યવહારીક વલણ અને યોગ્ય સમયે, યોગ્ય સ્થળે અને યોગ્ય દિશાની લાગણી માગણીઓનો સમન્વય સંસારને સુખરૂપ શ્રેષ્ઠ બનાવે છે તેમાં નારીનો ફાળો મહત્વનો છે. તેમાં જેટલી ખામી સ્ત્રી પુરૂષ પોતાના પક્ષે સર્જે તેટલુ જ ઉભયપક્ષે નુકશાન કે લાભનું સર્જન કરી શકે છે. જગતમાં સ્નેહની વૃધ્ધિ અને ભરતી વેરની અને ઝેરની વિષમતામાં સમાનતા સર્જવાની શક્તિ નારીમાં વિશેષ રહેલ છે. માટે જ નારી એ સમાજની સાચી સંપત્તિ અને સદગુણોની મુડી સર્જક છે. સંસ્કાર ઘડતર નું પાયાનું કામ નારી જ કરી શકે છે.

**– દિપા જોષી**

---

## બાળ દ્રષ્ટી
## ઈશ્વર



મીત્રો,

હું પ્રવાહિમાં રસ છઉ, સૂર્ય અને ચાંદામાં પ્રકાશ, વેદોમાં ૐ આકાશમાં અવાજ છું. લોકોમાં હિંમત છું. જમીનમાં સુગંધ, આગમાં તેની ચમક, તપસ્વીઓનું તપ અને જવનધારીઓનું જીવન છું.

**– ભગવાન શ્રી કૃષ્ણ**

પ્રભુના સિંહાસન પાસે દયા બે રીતે મેળવી શકાય છે. પાપના ખુલ્લા એકરારથી અને કરેલા ખોટા કર્મોને સુધારી લેવાથી.

**– ગુરૂ ગ્રંથ સાહેબ**

હું ઈશ્વરથી ડરૂ છું અને પછી ઈશ્વર પછી મુખ્યત્વે તેનાથી ડરૂ છું કે જે ઈશ્વરથી ડરતા નથી.

**– શેખ સાદી**

ઈશ્વરનું સરનામુ હૃદય છે. મન નહિ.

**– પાસ્કલ**

એક સત્ય સ્વરૂપ પરમેશ્વરને વિજ્ઞાન અનેક નામે બોલાવે છે.

**– ઋગવેદ**

યોગી શીવને પોતાના આત્મામાં જુવે છે, પથ્થર માટીની મૂર્તિમાં નહિ. જેઓ તેને પોતાનામાં નથી જોતા તેઓ તેને તીર્થોમાં શોધે છે.

**– શિવપુરાણ**

પ્રથમ તુ ઈશ્વરનો રાહ અને તેનું સત્ય શોધી કાઢ પછી તતે બધુ મળી આવશે.

**– બાઈબલ**

આપણી જરૂરીયાતો જેટલી ઓછી એટલા માટે ઈશ્વરની નજીક હોઈએ છીએ.

**– સૉક્રેટીસ**

ઈશ્વરના દર્શન આંખથી નથી થતા, ઈશ્વરને શરીર નથી, તેથી તેના દર્શન શ્રધ્ધાથી થાય છે.

**– ગાંધીજી**

જ્યાં સત્ય અને પ્રેમ છે ત્યાં ઈશ્વર છે.

**– રેડ નોસ**

તમારે પ્રભુને જોવા હોય તો તમારે પ્રભુમય બનવું જોઈએ.

**– બર્નાડ શૉ.**

આપણે ઈશ્વર પાસે માંગણી નહિ, પણ ભેટ લઇને જઇએ ત્યારે આપણને તેનો સાક્ષાત્કાર થાય છે.

**– રવિન્દ્રનાથ ટાગોર**

પરમાત્મા હંમેશા કૃપાળુ છે. જે શુધ્ધ અંતઃકરણથી તેની મદદ યાચે છે તેને તે અવશ્ય આપે છે.

**– સ્વામી વિવેકાનંદ**

જેવી રીતે પક્ષી દિવસ દરમ્યાન ચારે તરફ ફરે છે, પરંતુ સાંજના સમયે તે પોતાના માળામાં આવીને સ્થિર થઇ જાય છે. તેવી રીતે જ જીવાત્મા જ્યારે સંસારના બધા પ્રકારના કામોમાં થાકી ને ભટકી જાય છે ત્યારે વિશ્રામને માટે પરમેશ્વર પાસે પહોંચી જાય છે.

**– વિનોબા ભાવે**

હું કૈલાસમાં કે વૈકુંઠમાં નથી રહેતો, મારો વાસ ભક્તોના હૃદયમાં છે.

**– અજ્ઞાત**

**– દક્ષ જોષી**

---

# વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ભવન નિર્માણના ફળ અને પ્રમાણ

(૧) પૂર્વ અને ઉત્તર સાથે વધારાનું મકાન (ઓરડી) જોડવું નહી, જેથી પૂર્વ અને ઉત્તરદિશા ઠંકાઈ જતા તે દિશાનો ભાવ બદલાતો નથી.

(૨) છાપરાનો કે સ્લેબનો, પાણીનો ઢાળ પૂર્વ, ઉત્તર અથવા ઈશાન ખૂણામાં રાખવો જોઈએ.

(૩) બાથરૂમ, ઈશાન કે નૈરૂત્યમાં રાખવી નહી.

(૪) પૂર્વ અને ઉત્તરમાં વધુમાં વધુ બારીઓ રાખવી.

(૫) નૈરૂત્ય ખૂણો ૯૦ અંશનો રાખવો જોઈએ.

(૬) ઈશાનમાં રસોડુ રાખવું નહિ.


(૭) મકાન બરોબર ઉત્તર દક્ષિણ ધ્રૂવને સમાંન્તર જ હોવું જોઈએ.

(૮) કંમ્પાઉન્ડ વૉલ, નૈરૂત્ય ખૂણામાં ઉંચી અને ઈશાન બાજુ નીચી હોવી જોઈએ.

(૯) મકાનની ચારે બાજુ ખુલ્લી જગ્યા હોવી જોઈએ.

(૧૦) પાણીની ટાંકી પશ્ચિમમાં હોવી જોઈએ.

(૧૧) પશ્ચિમ અને દક્ષિણ બાજુ મોટા વૃક્ષો જોઈએ.




(૧૨) બાગ, બગીચો, નાના છોડ, પૂર્વ અને ઉત્તરમાં જોઈએ.

(૧૩) ઈલેકટ્રીક થાંભલો અને તેના સાધનો (ઉપકરણો) અગ્નિખૂણામાં જ રાખવા જોઈએ.

(૧૪) ડ્રેનેજ લાઈન પશ્ચિમમાં રાખવી.

(૧૫) મકાન ચોરસ કે લંબચોરસ, ધ્રૂવ પ્રમાણે રાખવું જોઈએ.

(૧૬) મકાનનો ઉતાર, પૂર્વ ઉત્તર કે ઈશાનમાં રાખવો જોઈએ.

(૧૭) દિવાલો નૈરૂત્યમાં જાડી અને ઈશાન બાજુ પાતળી રાખવી જોઈએ.

(૧૮) મુખ્ય દરવાજો, પૂર્વ ઉત્તર અને ઈશાનમાં જ રાખવો જોઇએ.

(૧૯) બાંધકામ નૈરૂત્યમાં જ વધારે કરવું જોઈએ.

(૨૦) બારીઓ પૂર્વ અને ઉત્તરમાં વધારે રાખવી જોઈએ.

(૨૧) બાંધકામમાં બધુજ સાહિત્ય નવું રાખવું.

(૨૨) દાદર પશ્ચિમ અને દક્ષિણમાં રાખવો.

(૨૩) રસોડુ અગ્નિ ખૂણામાં રાખવું.

(૨૪) બેઠકરૂમ ઉત્તરમાં રાખવો.

(૨૫) અનાજ - સ્ટોર રૂમ વાયવ્યમાં રાખવો.

(૨૬) સંડાસ પશ્ચિમમાં અથવા નૈરૂત્યમાં વધારવું. બેસતા ઉત્તર તરફ મુખ રહે.

(૨૭) બાંધકામ દક્ષિણ અને નૈઋત્યમાં રાખવું.

(૨૮) બાલ્કની પૂર્વ અને ઉત્તરમાં જ રાખવી.

(૨૯) ગૅરેજ વાયવ્યમાં રાખી પૂર્વ અને ઉત્તર બાજુ વાહનનું મુખ રહે તેમ કરવું.

(૩૦) માળીયુ - પશ્ચિમ અને દક્ષિણમાં રહે તેમ કરવું.

(૩૧) ફરનીચર પશ્ચિમ અને દક્ષિણમાં રહે તેમ કરવું.

(૩૨) વોચમેન અગ્નિ ખૂણામાં રાખવો.

(૩૩) સ્ટોરરૂમ નૈરૂત્યમાં રાખવો.

(૩૪) વાંચવા ભણવા બેસવાનો રૂમ નૈઋત્ય ખૂણામાં રાખવો. ઈશાનમાં બેસી, પૂર્વ અથવા ઉત્તર બાજુ મુખ રાખવું.

(૩૫) તીજોરી દક્ષિણમાં રાખી, ઉત્તર બાજુ મુખ ખુલે તેમ રાખવું.

(૩૬) જમવા પશ્ચિમમાં મુખ રાખી બેસવું.

**–લાભશંકર શાસ્ત્રી**
**નડીઆદ.**

શ્રી ૧।

# દક્ષ દ્રષ્ટિ

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ સામાયિક

**દક્ષ કન્સલ્ટન્સી**
૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજબજાર, નડીઆદ,
ફોન : (ઓ) ૨૫૬૪૨૩૨, (મો) ૯૮૨૫૪૪૯૫૦૫, ૯૪૨૮૬ ૪૯૯૪૫
Email : dakshconsultancyape@yahoo.co.in



**: સ્થળ :** રવિવાર તા. ૧૮/૭/૨૦૧૦

મંગલમ હોલ

## જીવન સાથી પસંદગી સંમેલન

**: સમય :**

શિતલ સિનેમા સામે નડીઆદ. સવારે ૯.૦૦ કલાકે

ક્ષમા કરશો રૂબરૂ ભાગલેનાર ઉમેદવાર સંખ્યા પૂર્ણ થયેલ હોવાથી હવે રજીસ્ટ્રેશન કરાવી માત્ર પરિચય પુસ્તક પ્રાપ્ત કરી શકાશે. પુસ્તિકામાં નામ/વિગત અને તસવીર સાથે કુરીયર થી પુસ્તિકા મેળવવા માટે રૂા. ૨૦૦/-

**ઉમેદવારનો તાજેતરનો કલર ફોટો ગુંદરથીજ લગાવવો.**

ઉમેદવારની અટક : ____ નામ : ____ પિતા : ____

સંપર્કનું સરનામુ : ____

____

પીન કોડ : ____ ફોન : (ઓ) : ____ (રહે) : ____

(મો) ____ ઈ.મેઈલ : ____

પેટા જ્ઞાતિ અને ગોળ : ____ ગોત્ર : ____ વતન : ____

જન્મ તારીખ : ____ જન્મ સમય : ____ જન્મ સ્થળ (જીલ્લા સાથે) : ____

ઉમેદવારનો અભ્યાસ : ____

ઉંચાઈ : ____ ફુટ / ઇંચ વજન : ____ કિ. મંગળ/શનિ : ____ નાડીઃ ____ નક્ષત્ર : ____

ચરણ : ____ ચશ્મા છે / નથી. ____ ચામડીનો રંગ : ગોરો / ઘઉંવર્ણો : ____ બ્લડ ગ્રૂપ : ____

ઉમેદવાર અપરણિત છે ? ____ છૂટા છેડા લીધેલ છે ? ____

ઉમેદવાર વિધુર છે ? ____ બાળકો છે ? ____

ઉમેદવારનો વ્યવસાય : ____ ઉમેદવારની માસિક આવક રૂા. ____

માતાનો વ્યવસાય : ____ માતાની માસિક આવક રૂા. ____

પિતાનો વ્યવસાય : ____ પિતાની માસિક આવક રૂા. ____

ઉમેદવારનો વિસ્તૃત સ્વપરીચય : શોખ : ____ સ્વભાવ : ____ ટેલેન્ટ કે કૌશલ્ય : ____

અપેક્ષા : ____

મ.ઓ./ડીમાન્ડ ડ્રાફ્ટ દક્ષ કન્સલ્ટન્સી ના નામે ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ ગંજબજાર નડીઆદ ના સરનામે મોકલી આપવા વિનંતી.

ઉમેદવારની સહી : ____

**ભરેલા ફોર્મ તારીખ 10/૭/૨૦૧૦ સુધીજ સ્વીકારવામાં આવશે.**

અનિવાર્ય સંજોગો ને આધિન આયોજન ની તારીખમાં ફેરફાર કરવાની જરૂરીયાત ઉભી થાય તેવા સંજોગોમાં સૌ ઉમેદવારોએ આયોજકોને સહકાર આપવાનો રહેશે.
ફોર્મ સ્વીકારાયા બાદ કોઈ પણ કારણોસર ઉમેદવારની ફી પરત મળશે નહિ.

**જીવનસાથી પસંદગી માં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારો સામયિકમાં દર્શાવેલ ફોર્મમાં વિગત ભરી ફોર્મ પેજ નં. ૭ ઉપર દર્શાવેલ સરનામે સ્વીકારવાના સ્થળો ઉપર જમા કરાવી શકશે. – " દક્ષ દ્રષ્ટી "**

## લગ્નવિષયક

કપડવંજ નિવાસી પુરુષોત્તમદાસ વ્યાસ ના સુપુત્રો ચિ.કૃષ્ણકાંત પી.વ્યાસ ઉ.વ.૪૦ અનેચિ. ગોપાલભાઈ પી. વ્યાસ ઉ.વ. ૩૬ માટે સંસ્કારી બ્રાહ્મણ પરીવારની યુવતીઓ ના વાલીઓ તરફથી પૂછપરછ આવકાર્ય છે.
સંપર્ક : પુરુષોત્તમદાસ વ્યાસ, ફોન : ૯૪૨૭૮ ૫૩૮૩૬ અથવા દક્ષ દ્રષ્ટિ કાર્યાલય નડીઆદ.

રાજકોટ નિવાસી પંડ્યા ગોરધનદાસ છગનલાલ ની સુપુત્રી ઉ.વર્ષ - ૨૮ એમ.બી.એ. પૂર્ણ કરી હાલ (ન્યુયોર્ક - અમેરિકા) સ્થિત થયેલ યુવતી માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા સંસ્કારી પરીવારના બ્રાહ્મણ યુવક ના વાલીઓ તરફથી પૂછપરછ આવકાર્ય છે. ડૉક્ટર તેમજ ફાર્માસીસ્ટ યુવક માટે પ્રથમ પસંદગી રહેશે. રૂબરૂ સંપર્ક માટે ક્ષમા કરશો. માત્ર આપની વિગતો દક્ષ દ્રષ્ટિ કાર્યાલય મારફતે મોકલવા વિનંતી.
સંપર્ક : દક્ષ દ્રષ્ટિ કાર્યાલય (નડીઆદ)

## લગ્ન અભિનંદન

અડાદરા નિવાસી શ્રી ગજાનનભાઈ રણછોડભાઈ પંડ્યા ના પૌત્રી વિભૂતિના લગ્ન વડોદરા નિવાસી શ્રી અમીતભાઈ સાથે તા.૬-૬-૨૦૧૦ને રવિવારના રોજ સંપન્ન થયા

આ નવદંપત્તિનું લગ્નજીવન સુખમય, શાંતિમય, આનંદમય રહે તેવી દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી હાર્દિક શુભેચ્છા સાથે આશિર્વાદ.

–પ્રવિણભાઈ પંડ્યા

| અ.નં | રકમ | સંદર્ભ | નામ | ગામ |
|---|---|---|---|---|
| ૧ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી સચીનભાઈ મનહરભાઈ શાહ | નડીઆદ |
| ૨ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ડૉ. ચિરાગભાઈ એચ. ઉપાધ્યાય | લિંભોઈ |
| ૩ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી વ્યાસ નિરવભાઈ આર. | જામનગર |
| ૪ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી પંડ્યા શશીકાંતભાઈ રમેશચંદ્ર | અમદાવાદ |
| ૫ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ભટ્ટ જગદીશચંદ્ર રામચંદ્ર | નડીઆદ |
| ૬ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી જોષી મહેશકુમાર ભાલચંદ્ર | આણંદ |
| ૭ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ભટ્ટ ઉમેશભાઈ મનહરભાઈ | પેટલાદ |
| ૮ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી સુરજભાઈ કમલેશભાઈ મહેતા | સુરત |
| ૯ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી જનકભાઈ આર. પંડ્યા | અંકલેશ્વર |
| ૧૦ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી કિશનભાઈ બકુલભાઈ પંડ્યા | કપડવંજ |
| ૧૧ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી કૌસ્તુભભાઈ કે. પાઠક | બીલીમોરા |
| ૧૨ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી જગદીશભાઈ આર. દવે | નડીઆદ |
| ૧૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી હિતેષભાઈ હસમુખલાલ ઠાકર | અમદાવાદ |
| ૧૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સતિષભાઈ સી.જોષી | અમદાવાદ |
| ૧૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જીતુભાઈ ચંપકલાલ સેવક | બોરસદ |
| ૧૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વ્યાસ ગીરીશભાઈ અંબાલાલ | સીસ્વા |
| ૧૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વિજયકુમાર રણછોડદાસ ભટ્ટ | બોરસદ |
| ૧૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા મહેશભાઈ જેઠાલાલ | મોડાસા |
| ૧૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વ્યાસ પુરૂષોત્તમદાસ ઉમીયાશંકર | કપડવંજ |
| ૨૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા મીતેષકુમાર નરહરીપ્રસાદ | કપડવંજ |
| ૨૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી મહેતા હાર્દિકભાઈ ડી. | વિસનગર |
| ૨૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જયેનદ્રભાઈ ત્રીપુરાશંકર પાઠક | વાસદ |
| ૨૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પ્રકાશભાઈ જે.શુકલ | નડીઆદ |
| ૨૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી હર્ષદરાય કાન્તીલાલ | અમદાવાદ |
| ૨૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વ્યાસ પદમાબેન દિલીપભાઈ | સમૌ |
| ૨૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રજનીકાંત સી. જાની | સુરત |
| ૨૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી ચંદ્રકાંન્તભાઈ પરમાનંદભાઈ | રૂપપુરા |
| ૨૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ ગીરીશભાઈ ઉમીયાશંકર | આણંદ |
| ૨૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ત્રિવેદી દુષ્યંતકુમાર બકુલભાઈ | નડીઆદ |
| ૩૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા જગદીશભાઈ કૃષ્ણનગર | પેટલાદ |
| ૩૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ગોરધનભાઈ કે.જોષી | બોરીવલી-મુંબઈ |
| ૩૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દશરથભાઈ ફુલાભાઈ જોષી | નડીઆદ |
| ૩૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વ્યાસ આકાશભાઈ સુરેશચંદ્ર | નાર |
| ૩૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી બાપટ સંજયભાઈ શાંતિલાલ | ગુંડાલા |
| ૩૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રાજગોર નરેન્દ્રભાઈ દયારામ | તલવાડા |
| ૩૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી પરસોત્તમભાઈ પરમાનંદભાઈ | મોટાકપાયા |
| ૩૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા હરીતભાઈ મનુભાઈ | નડીઆદ |
| ૩૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જાની ભરતકુમાર ગીરીજાશંકર | નડીઆદ |
| ૩૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી રસિકલાલ એચ. દવે | નડીઆદ |
| ૪૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી મહેન્દ્રભાઈ આર. ભટ્ટ | નડીઆદ |
| ૪૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી કિન્નરીબેન કે.મહેતા | આણંદ |
| ૪૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પીનાકીનભાઈ કે.ગોસ્વામી | આણંદ |
| ૪૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સંજયભાઈ બી. પંડ્યા | પેટલાદ |
| ૪૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જયેન્દ્રભાઈ બી. મહેતા | સુરત |
| ૪૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભદ્રેશભાઈ મોહનભાઈ ગોર | વિદ્યાનગર |
| ૪૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી બીપીનભાઈ પી. મહેતા | વિદ્યાનગર |

**આજીવન લવાજમ રૂા.૫૦૧/-**
**વાર્ષિક લવાજમ રૂા.૧૦૧/-**

**આપનું લવાજમ ભરવા માટે લવાજમની રકમનો ચેક દક્ષ કન્સલ્ટન્સી નામથી લખી નીચેના સરનામે કુરીયર અથવા પોસ્ટથી મોકલી આપવા વિનંતી.**

**દક્ષ કન્સલ્ટન્સી,**
**૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,**
**નડીઆદ-૩૮૭૦૦૧.**
**ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫.**
Email : daksh_drasti@rediffmail.com
Email : dakshconsultancyape@yahoo.co.in

## " દક્ષ દ્રષ્ટી " મેળવવા અને સમાચાર તથા લવાજમ મોકલવાનું સરનામુ

નડીઆદ :-દક્ષ કન્સલ્ટન્સી, ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,નડીઆદ-૩૮૭૦૦૧.
ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૪૨૮૬ ૪૯૯૪૫
મુંબઈ :- ભૂપેન્દ્રભાઈ બી.આચાર્ય
ફોન નં.૨૮૦૨૧૨૪૨/ ૨૮૦૫૬૭૪૦, (મો)૯૮૨૦૩૩૩૩૫૨.
ભાંડુપ :- શ્રી પંડ્યા સુરેશચંદ્ર ડાહ્યાલાલ
(મુંબઈ - ૭૮) ફોન : ૨૫૯૬૩૦૨૨ (મો) ૯૮૭૦૪૩૩૪૯૯.
ભાયંદર :- શ્રી પંડ્યા સંજયકુમાર રસીકલાલ,થાણા - ૪૦૧૧૦૧.
ફોન : ૩૨૯૧૭૦૭૭ (મો) ૯૩૨૪૪૭૦૦૪૭.
ડોંબીવલી :- શ્રી નિલેશભાઈ શંકરલાલ રાવલ
ફોન:૯૩૨૩૩૧૨૬૫૧,૯૯૨૦૪૮૭૬૪૩,
બોરીવલી:- ઠાકર મુકેશભાઈ ભાનુશંકર ફોન : ૯૩૨૪૫ ૯૨૪૯૯.
અમદાવાદ :- કમલેશભાઈ મણીભાઈ પંડ્યા. ફોન નં.૯૪૨૭૦૨૨૨૩૯.
ખેરાડી :- ડૉ.ચંદુલાલ શંકરલાલ જોષી ફોન નં. ૨૨૦૩૨૧, ૯૪૨૭૦૪૮૮૦૫.
રૂપાલ :- ચંદુલાલ વલ્લભરામ જોષી. ફોન નં. ૦૨૭૭૨-૨૭૨૧૬૨,
ચોઈલા :- નટુભાઈ ચુનીલાલ પંડ્યા. ફોન :૯૫૨૭૭૯-૨૨૨૩૭૮
મોડાસા :- અતુલભાઈ કેશવલાલ રાવલ. ફોન નં : ૨૪૩૩૧૮. (મો) : ૯૯૭૯૪૧૬૫૬૬
હિંમ્મતનગર :- મહાદેવપ્રસાદ કેશવલાલ જોષી. ફોન :- ૯૨૭૫૦ ૮૧૬૩૨
વડોદરા :- ભટ્ટ મુકેશભાઈ મધુસુદનભાઈ ફોન :(રહે) ૨૪૯૨૬૭૭(મો): ૯૪૨૬૯૬૨૫૨.
વડોદરા :- હર્ષદભાઈ રતિલાલ પંડ્યા ફોન :૯૮૨૪૦ ૧૦૭૯૩ (રહે) ૦૨૬૫ ૨૭૬૧૧૩૯
ગાંધીનગર :- મનુપ્રસાદ એલ. જોષી. ફોન : ૨૩૨૪૮૦૬૧ (મો): ૯૮૨૪૦૦૬૭૪૮.
દાહોદ : બદ્રીપ્રસાદ જે.શર્મા. ફોન : ૯૯૨૫૫ ૦૨૦૨૪
હાલોલ : કિશોરભાઈ સોમેશ્વર પંડ્યા, ફોન :(૦૨૬૭૬)૨૨૫૬૭૪(મો)૯૪૨૭૭ ૧૭૧૩૫
ગોધરા : ભાનુભાઈ શીવશંકર મહેતા. ફોન : ૯૪૨૮૦ ૧૨૯૦૮, ૯૮૨૫૩ ૩૧૪૩૩
દીવ/ ઉના : શ્રી રમેશભાઈ રાવલ (સિંહ દર્શન) ફોન : ૯૮૨૫૯ ૯૬૨૫૪
વેજલપુર : શ્રી સુરેશભાઈ એન. જોષી (પત્રકાર) ફોન : ૯૯૭૯૩ ૭૦૮૯૧

માનવ માત્રે સાહસ, ઉત્સાહ, આશા અને પ્રેરણાના સિંચન થકી જીવનને સફળ બનાવવું. માનવી પરમાત્માનો અંશ છે. સૌ હરિને સંભાળે , હરિ તેમને સંભાળશે. હળી મળીને સૌ પ્રેમથી જીવન જીવતા શીખો. સાદગી અને સંયમથી જીવો. દરેક સાથે મમતાથી વર્તો, બને તેટલા બીજાને ઉપયોગી થાવ. દુન્વયી વ્યવહારો, નીતિ નિયમો પાળવા સાથે સાથે આત્માનું અને સમષ્ટિનું કલ્યાણ સાધો. સંસારમાં રહીને જ ઈશ્વર પ્રાપ્તિ કરી શકાય છે. યાદ રાખો દરિયાના તળિયે પડેલ સોનાને બહાર લાવવામાં સફળતા મેળવનારો માનવી કદાચ કરોડપતિ બની જાય છે. પણ પોતાના અંતરમાં ધરબાયેલી પ્રેમ લાગણી સંવેદના અને શીલતાને બહાર લાવવામાં સફળ બનનારો તો ખૂદ પરમાત્મા સ્વરૂપ જ બની જાય છે.

મનુષ્ય જન્મ ૮૪ લાખ યોનીમાનો અમુલ્ય અવસર છે. તમે પોતાની સમજનો સદ્ઉપયોગ કરો તો જન્મ-મરણના મહા દુઃખથી પણ છૂટી શકાય. પોતાની સત્તા, સેવા અને અનુભવોનો આદર કરો સતપુરૂષો, સત્શાસ્ત્રો, સંતો પાસેથી સાચુ માર્ગદર્શન મેળવી માનવ જીવનને સાર્થક સફળ બનાવો. વ્યક્તિ તેના ગુણ અને કાર્યથીજ મહાન બને છે. ત્યારે તેને કોઈ પંથ, વાડો, વર્તુળ, સંપ્રદાય રહેતો નથી. સમગ્ર વિશ્વને તેનો પરિવારીક સબંધ જાળવવા પ્રયત્નશીલ રહે છે. વ્યક્તિમાંથી સમષ્ટિમાં જ તે પોતાના સ્વસ્વરૂપને નિહાળે છે. વિશ્વ બંધુત્વનો સતત વિકાસ કરી વિસ્તાર વધારે છે.




જીવનમાં પરિસ્થિતિઓનો મજબુત મનોબળથી સામનો કરી પ્રત્યેક નિર્ણયોમાં સફળતા પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ બતાવતુ પુસ્તક એટલે.

**" જીવન સંદેશ "**

**પુસ્તક મેળવવાનું સ્થળ**


| | | |
|---|---|---|
| દક્ષ કન્સલ્ટન્સી | ગંજબજાર | નડીઆદ |
| ગજાનન પુસ્તકાલય | ટાવર રોડ | સુરત |
| હરીહર પુસ્તકાયલ | ટાવર રોડ | સુરત |
| પરમહંસ સ્ટેશનરી | સંસ્કૃત પાઠશાળાની બાજુમાં | ડાકોર |
| વલ્લભ બુક સ્ટોલ | મેઈન બજાર | ઉમરેઠ |
| સ્વદેશી વસ્તુ ભંડાર | ૪, જેમ્સ પ્લાઝા | આણંદ |
| આશીક બુક સ્ટોલ | જુનુ બસ સ્ટેશન | આણંદ |
| અજય બુક સ્ટોલ | મોટા બજાર | વિદ્યાનગર |
| અરિહંત બુક સ્ટોલ | એસ.ટી.સ્ટેન્ડ | હિંમતનગર |


તથા તમામ અગ્રણી પુસ્તક વિક્રેતાઓને ત્યાં ઉપલબ્ધ


**" દક્ષ દ્રષ્ટી "નું આજીવન લવાજમ ભરનારને પુસ્તક ભેટ સ્વરૂપે મળશે.**

**વડીલશ્રી, આપનું આજદીન સુધીનું / ચાલુ વર્ષનું લવાજમ બાકી છે તો સત્વરે મોકલી આપવા વિનંતી. (આપનું આજીવન / વાર્ષિક લવાજમ જમા કરેલ છે.) " દક્ષ દ્રષ્ટી "**

# શ્રધ્ધાંજલી







" મળે છે દેહ માટીમાં,
પણ માનવીનું કામ જીવે છે. "

" મરે છે માનવી,
પણ માનવીનું નામ જીવે છે. "

## દેહવિલય તા.૧૯/૬/૨૦૦૮
## સ્વ.શ્રી મનહરલાલ ડાહ્યાલાલ પંડ્યા

### (મૂળ વતન - સરડોઇ - સાબરકાંઠા હાલ બીલીમોરા)

માનવ જન્મથી નહિ પણ કર્મથી મહાન બને છે. આ જીવન સત્યને ચરિતાર્થ કરનાર, ઉત્તર ગુજરાતના સરડોઇ ગામમાં જન્મ લઇને દક્ષિણ ગુજરાત ના બિલીમોરા ગામને પોતાની કર્મભુમી બનાવી. આજીવન સંઘર્ષ કરતા કરતા સત્કાર્યો તથા સ્વાધ્યાય દ્વારા બીલીમોરા ગામની જનતાની અતૂટ ચાહના અને વિશ્વાસ મેળવ્યો. પોસ્ટની નાની બચતના સૌથી સફળ એજન્ટ બની બીલીમોરા ગામના નાનાથી નાના કુટુંબના સભ્યોને બચત કરતા શીખવાડી આત્મનિર્ભર બનાવ્યા. અને સફળ જીવન જીવવાની કલા પણ શીખવી. બીલીમોરા ગામના ઘણા મધ્યમ વર્ગના કુટુંબોને પોતાના દિકરા દિકરીઓને વિદેશમાં અભ્યાસ કરવા પ્રેરણા આપી અને તે નાની બચત યોજના દ્વારા સાર્થક પણ કરી બતાવ્યું. બીલીમોરા સ્કુલની અંદર ટ્રસ્ટી તરીકે પણ ફરજ બજાવી. પંડ્યા સાહેબના નામે ઓળખાયા. આજે પણ બીલીમોરાની તમામ જ્ઞાતીઓના લોકો તેમને યાદ કરીને અશ્રુભીની આંખે શ્રધ્ધાંજલી આપી રહ્યા છે.

### આપના વિરહમાં

પત્ની : ઈન્દુબેન (ઈન્દીરાબેન એમ. પંડ્યા)

વ્હાલો દિકરો:કેયુર એમ. પંડ્યા હાલ કેનેડા (પી.એચ.ડી.)

વ્હાલી દિકરી:કવિતા એમ.પંડ્યા તથા ચિ.ઉષ્મા અને સમસ્ત પંડ્યા પરીવાર

# માનવ જીવન ધર્મ બોધ

વિશ્વમાં ધર્મભાવના શ્રધ્ધાથી ઉપજે છે. જ્ઞાન વિજ્ઞાન અને વ્યવહારના સિધ્ધાંતોનો સમાવેશ કરવામાં આવેલ છે. ભૌગોલિક સ્થિતિ પરિસ્થિતિમાંથી જે તે ધર્મનું નિર્માણ થયેલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ માનવ માત્રનું કલ્યાણ કરવાનો છે. તેના માટે નિયમો, વ્રતો અને આચાર સંહિતા ઘડવામાં આવેલ છે. અલબત યુગ પરીવર્તન થતા તેમાં પડકારો અને પરિવર્તનો થતા જ રહેલ છે. ધર્મ અને માનવીય જીવન વ્યવહારમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિનો સમન્વય કરે છે. દરેક માનવીની પ્રકૃતિ, પ્રવૃત્તિ અને પ્રેરણામાં વિભિન્નતા છે. તેને આધારે અનુકુલ પધ્ધતિ સર્જનાર ધર્મસ્થાપકો છે. હિન્દુ સનાતન ધર્મના શાસ્ત્રો ધર્મના વ્યાપક નિયમો સમજાવે છે. જે વિશ્વની દરેક પ્રજાને હિતકારી બનાવે છે. જેમાં સંયમ, સત્ય, અહિંસા, અપરિગ્રહ અને તન મનની પવિત્રતા મુખ્ય ગણી શકાય જેનાથી માનવ જીવન ઉત્કૃષ્ટ બનાવી શકાય છે.

આજની આપણી ધર્મ વ્યવસ્થામાં તત્વજ્ઞાન વિશેષ અને વ્યાપક રીતે મહત્વનું બની રહેલ છે. તેમાં ભગવદ્ગીતા, રામાયણ, વેદ ઉપનિષદો, મહાભારતના ગ્રંથોનો અભ્યાસ સહાયક બની રહેલ છે. તેમ છતા તેના સિધ્ધાંતો સમજવા અને સમજાવવા અતિ મુશ્કેલ છે. કારણ દરેક માનવ ની પ્રકૃતિ અને ગ્રહણ શકિત મર્યાદિત છે. વિદ્વાનો અને શાસ્ત્રના જ્ઞાતાઓ તેને સરળ બનાવવા પ્રયત્નશીલ રહે છે. તેમાં સાહિત્યકારો અમુલ્ય ફાળો આપે છે. દરેકના મત મતાન્તર પણ વિભિન્ન જોવા મળે છે. પણ જેને અનુભવ અને અનુભુતિ પ્રાપ્ત કરેલ છે તેને ધર્મના ગુઢ રહસ્યો સહજમાં સમજાયા છે. જીવનમાં તેના મુલ્યો પ્રસ્થાપિત કરી જીવનને સુંદર આકાર આપી પ્રખ્યાત બની ગયા છે.

## ધર્મચેતના

માનવ જીવન જીવવા ધર્મનો આધાર લે છે. શ્રધ્ધાના બળે આગળ વધે છે. બુધ્ધિના સંકલ્પ વિકલ્પ અને તર્કનો આશરો લે છે. વિશ્વનિયંતા શક્તિઓને શરણે જાય છે. ત્યારે માનવ મનની એકાગ્રતા, પરિપકવતાનો અહેસાસ થાય છે. પણ જ્યાં એકાગ્રતાનો અભાવ હોય, મનની ચંચળતા હોય, બુધ્ધિની સ્થિરતા ના હોય ત્યાં ધર્મના પાયાના સિધ્ધાંતો અને મુલ્યો સહજ રીતે સમજી શકાતા નથી. તેટલુ જ નહિ પણ તેને પચાવવા પણ અઘરા બને છે. તેનું કારણ બુધ્ધિમાં વિષય, વિકાર અને વિપરિતતા દૂર થઇ હોતી નથી. શુધ્ધ બુધ્ધિ વડે જ ધર્મનું સાચુ સ્વરૂપ સમજી શકાય છે. બુધ્ધિની શુધ્ધિ માટે જ વ્રત, નિયમ, શુભ સંકલ્પ, જપ, તપ, સ્વાધ્યાય, ઉપાસના કે આરાધના કરવાની જરૂર પડે જ છે. પણ આજના યુગમાં માનવી ધર્મના સિધ્ધાંતો સમજવા સમય ફાળવી શકતો નથી. તેમજ ધર્મના સિધ્ધાંતો સરળતાથી સમજાવનારા પણ બહુ અલ્પ છે. તેનો સત્સંગ સતત થતો નથી. ધર્માનુરાગી બનવા માટે ઘણુ બધુ છોડવું પડે છે. સહન કરવું પડે છે. સમય અને સતત સ્વાધ્યાય જ ધર્મનું સાચુ સ્વરૂપ સમજાવે છે. જે તેને પામી જાય છે તેના દરેક કર્મ ધર્મમય બની રહે છે. ધર્મ કે જ્ઞાન વેચાતા મળતા નથી. તે તો વ્યક્તિના અંતઃકરણ સાથે જ જોડાયેલ છે. જેમાંથી દયા, કરૂણાનો સતત પ્રવાહ વહે છે. પરોપકાર અને માનવતા પ્રગટાવે છે. કુદરતી વાતાવરણ જુઓઅને સમજો તો પોતાનો ધર્મ, કર્તવ્ય આપો આપ સમજી શકાય છે. જેમ કે, નદી પોતાનું પાણી પોતે પીતી નથી, વૃક્ષો તેમના ફળો પોતે ખાતા નથી. કે શીતળ છાયાનો પોતે ઉપભોગ કરતા નથી. સૂર્ય ઉષ્ણતા અને પ્રકાશનો પોતે ઉપયોગ કરતો નથી, ચં દ્ર પોતે શિતળતા માટે હનીમુન કરતો નથી. ફુલો તેની સુગંધ કે મહેક પોતાના માટે પ્રસરાવતા નથી. અરે ! પંખીઓ અને પ્રાણીઓ બીજાના માટેકુરબાન થાય છે. પણ અજ્ઞાન માનવી સંપત્તિ, સંતતિ, સુખ,શાંતિ, અને કિર્તિ પોતાના માટે જ વધારે છે. બીજાને માટે ઓછુ વાપરે છે. એનો અર્થ એ થાય કે બીજાને માટે જીવવું એ કુદરતી નિયમ છે. પણ માનવી આ સનાતન સત્ય વિસરતો જાય છે. પરિણામે દુઃખી થાય છે અને બીજાને દુઃખી બનાવે છે. વાસ્તવિક માનવ જીવનમાં પોતાને સુખ, શાંતિ પ્રાપ્ત કરવાનો અધિકાર પોતાને છે તેટલો બીજાને પણ છે. તે અધિકાર ઉપર માનવ તરાપ ન મારે તો પણ ધર્મનો મર્મ સાચી રીતે અને સહજમાં પામી શકાય છે. બીજાને માટે મદદરૂપ થવા યથાશક્તિ અનુકંપા પ્રસરાવે તો વિશ્વમાં ક્યાંય અશાંતિ કે દુઃખ ટકે જ નહિ. માનવ જીવનમાં ધર્મ ઉતરે તો જ સૌનું હિત અને કલ્યાણ વધારી શકાય. તેથી વ્યક્તિએ પ્રથમ આચાર વિચાર ની શુધ્ધિ પોતાનાથી જ ધર્મભાવનાથી વધારતા રહેવું. જે ધર્મનું રક્ષણ કરે છે તેનું ધર્મ રક્ષણ અવશ્ય કરે છે.

**- પ્રવિણભાઈ પંડ્યા (નડીઆદ)**

સંપાદક, મુદ્રક, પ્રકાશક : જોષી મનોજભાઈ બી. ૨૩ શુભમ સોસાયટી, કોલેજ રોડ, નડીઆદ, જી.ખેડા (ગુજ.) દ્વારા હિમાલી ગ્રાફીક્સ, વછેવાડ , નડીઆદ ખાતે છપાવી ૧૧૮ ઘંટાકર્ણ કોમ્પલેક્ષ ગંજબજાર નડીઆદથી પ્રસિદ્ધકર્યું.
Editor, Publisher, Printer : Joshi Manojbhai B. 23, Shubham Society, Collage Road, Nadiad Dist : Kheda (Guj.) Printed at Himali Graphics, Vachevad, Nadiad.